# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

NAAC Accredited with Grade 'A' (CGPA 3.11) (10-01-2023 to 09-01-2028)

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**


એકેડેમિક વિભાગ

ડી/ઈ/૧૦/SMPRP/DRAC/૧૫૫૫૫ તા.: ૨૪-૦૬-૨૦૨૪ ૨૫

**ખાસ અગત્યનો પરિપત્ર**

પ્રતિ,

સર્વે માર્ગદર્શકશ્રીઓ તેમજ પીએચ.ડી. કરતાં તમામ વિદ્યાર્થીઓ

સરદાર પટેલ યુનિવર્સિટી

આથી સરદાર પટેલ યુનિવર્સિટીની પીએચ.ડી. માર્ગદર્શનની માન્યતા ધરાવતા તેમજ જેઓનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી પીએચ.ડી. કરતાં હોય તેવા માર્ગદર્શકશ્રીઓ તેમજ પીએચ.ડી. કરતાં તમામ વિદ્યાર્થીઓને આદેશાનુસાર જણાવવાનું કે, તા.: ૦૮-૦૭-૨૦૨૪ થી તા.: ૧૨-૦૭-૨૦૨૪નાં સમયગાળા દરમ્યાન સંબંધકર્તા અનુસ્નાતક વિભાગની વિભાગીય શોધ સલાહકાર સમિતિ દ્વારા જુલાઈ-૨૦૨૪નું પીએચ.ડી. રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન થનાર હોઈ, જે તે સંબંધકર્તા અનુસ્નાતક વિભાગની DRAC નો સંપર્ક કરી નિયત થયેલ તારીખે પીએચ.ડી. રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન માટે ફરજીયાતપણે હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

**તદ્ઉપરાંત સર્વે માર્ગદર્શકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓએ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે.**

૦૧) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓએ તેઓની સત્ર ફી દર છ માસે એટલે કે, જાન્યુઆરી તેમજ જુલાઈમાં યોજાતા પ્રેઝન્ટેશન મુજબ ન ભરતાં તેઓનાં પ્રવેશની રજીસ્ટ્રેશન તારીખનાં દર છ માસે સત્ર પૂર્ણ થયે નિયમાનુસાર સત્ર ફી તેમજ રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે ફરજીયાતપણે જમા કરાવવાનો રહેશે.

૦૨) યુનિવર્સિટી ખાતે સત્ર ફી તેમજ રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ જમા કરાવવાની સાથે દર છ માસે (જાન્યુઆરી તેમજ જુલાઈ) યોજાતી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન DRACમાં હાજર રહ્યા અંગેની હાજરી પત્રકની નકલ તેમજ કાર્યનોંધ ફરજીયાત પણે જોડવાની રહેશે, જે બાબતની નોંધ લેવી.

૦૩) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ કે જેઓની અગાઉનાં સત્રની ફી બાકી હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ તેઓની સત્ર ફી તેમજ તેઓનો પીએચ.ડી. રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ જુલાઈમાં યોજાનાર રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન (DRAC) પહેલાં યુનિવર્સિટી નિયમાનુસાર સત્ર ફી ભરી રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનો રહેશે.

૦૪) જે વિદ્યાર્થીઓએ એક કરતાં વધુ સત્રથી પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝેન્ટેશ DRAC સમક્ષ રજૂ કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ તેઓનાં માર્ગદર્શકશ્રીનો સંપર્ક કરી જુલાઈમાં યોજાનાર રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટનું પ્રેઝેન્ટેશન DRAC સમક્ષ રજૂ કરી તે કાર્ય ફરજીયાતપણે પૂર્ણ કરવાનું રહેશે.

૦૫) જે વિદ્યાર્થીઓએ સતત ત્રણ સત્રની ફી ભરેલ રશીદ તેમજ તેઓનો રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ તેઓનાં માર્ગદર્શકશ્રીનો સંપર્ક કરી નિયમાનુસાર તાત્કાલિક આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૦૬) જો ત્રણ સત્ર કરતાં વધુ સત્રની ફી ભરેલ ન હોય તેવા કિસ્સામાં તેવા વિદ્યાર્થીઓનાં પ્રવેશ રદ કરવા અંગેની કાર્યવાહી વિદ્યાર્થી અથવા તેઓનાં માર્ગદર્શક દ્વારા કરવાની રહેશે તેમજ તે અંગેની જાણ જુલાઈ-૨૦૨૪માં યોજાનાર DRAC સમક્ષ રજૂ કરવાની રહેશે.

૦૭) વિદ્યાર્થીનાં છ માસિક પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝેન્ટેશન દરમ્યાન DRAC સમક્ષ જો બાહ્ય તજજ્ઞ દ્વારા જે તે વિદ્યાર્થીનાં શિર્ષકમાં સુધારા તેમજ અન્ય બાબતો અંગેની ભલામણ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતે અરજી રજૂ કરી આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટી ખાતેથી મંજૂરી મેળવવાની રહેશે.

૦૮) પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓનાં માર્ગદર્શકશ્રી કે જેઓ વયોચિત્ત નિવૃત્ત થયેલ હોય કે સંસ્થા છોડી અન્યત્ર ગયેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમાનુસાર આગળની કાર્યવાહી પૂર્ણ કરવા અંગેની જાણ યુનિવર્સિટીને કરી યુનિવર્સિટી ખાતેથી આ અંગેની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૦૯) જે પીએચ.ડી. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતે તેઓની સિનોપ્સીસ રજૂ કરેલ છે તેઓની યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમાનુસાર યુનિવર્સિટી ખાતે થિસીસ જમા કરાવવા અંગેની કાર્યવાહી કરવા તેમજ સમય મર્યાદામાં કાર્ય પૂર્ણ કરવા માર્ગદર્શકશ્રીઓએ તેઓનાં વિદ્યાર્થીઓને જણાવવાનું રહેશે.

૧૦) જે વિદ્યાર્થીઓ ફૂલ ટાઈમ પીએચ.ડી. કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ એ સંબંધકર્તા વિભાગ/કોલેજ/સંસ્થા ખાતે તેઓનું બાયોમેટ્રીક (થમ્બ/આઈ) ઈમ્પ્રેશનની કાર્યવાહી જો બાકી હોય તો રીસર્ચ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન અગાઉ તે કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે અને દર છ માસનાં પ્રોગ્રેસ રીપોર્ટ તેમજ સત્ર ફી સાથે હાજરીની નકલ સંબંધકર્તા માર્ગદર્શકશ્રીની સહી સાથે યુનિવર્સિટી ખાતે રજૂ કરવાનો રહેશે.

કુલસચિવ